# શહેર વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગરના ૪૮મા જન્મદિનની ઉજવણી કરાઈ




ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર વસાહત મંડળ અને જી.એસ.ઈ.સી.એલ રીક્રીએશન કલબ દ્વારા આજરોજ ગાંધીનગરના ૪૮માં જન્મ દિનની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આ ઉજણવણીમાં ગાંધીનગર જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય -સાદના હસ્તે. શહેરના જન્મદિન નિમિત્તે કેક કાપવામાં આવી હતી.

આ -સંગે જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય -સાદે જણાવ્યું હતું કે, ગાંધીનગર શહેર આખા ભારત દેશમાં આર્દશ શહેર છે. હવે, આ શહેરને આતરરાષ્ટ્રીય કક્ષાએ મોડલ શહેર બનાવવા માટે આપણે સૌએ સાથે મળીને વિકાસના કામો કરવા પડશે. તેમજ વિકાસની સાથે વિશ્વ કક્ષાએ હરિયાળા નગરની ઓળખ ફરીથી ઉભી કરવા માટે પણ આપણે ખભેથી ખભા મિલાવી નગરમાં વૃક્ષોનું વાવેતર અને જતન કરવું પડશે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે જણાવ્યું હતું કે, ગાંધીનગર શહેર સ્વાલંબી બની ગયું છે. શહેરના વિકાસમાં અડચણ રૂપ થતા અને અન્ય -ૈનો ઉકેલ માટે વહીવટી તંત્ર અને નગરજનોએ એકબીજા સાથે ચર્ચા વિર્મશ કરવા પડશે. જેથી વિકાસના કામોમાં અવરોધ રૂપ બનતા -ૈનું નિરાકરણ લાવી શકાશે. વધુમાં તેમણે આગામી ગાંધીનગર શહેરના જન્મદિન નિમિત્તે નગરમાં એક સપ્તાહ પહેલા વિવિધ કાર્યક્રમનું આયોજન કરવા પણ જણાવ્યું હતું.

ગાંધીનગર મ્યુનસિપલ કમિશનર શ્રી સી.આર.ખરસાણે ગાંધીનગર શહેરને આઠના આંકડો ફળ્યો છે.તેવું કહી જણાવ્યું હતું કે, ગાંધીનગર શહેર રાજયનું આઠમું પાટનગર છે અને શહેરની મહાનગરપાલિકા પણ રાજયમાં આઠમી મહા નગરપાલિકા છે. ગાંધીનગર શહેરને ગ્રીન, કિલીન અને સોલારનો કન્સેપ્ટ પુરૂ કરશું તે ઉપરાંત ગાંધીનગરને પ્લાસ્ટિક મુકત શહેરની ઓળખ આપવા માટે પ્લાસ્ટિક ન વાપરવા પણ નગરજનોને નમ્ર અપીલ કરી હતી.



આ -સંગે મહાનગર પાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર શહેર વસાહત મહામંડળના -મુખ શ્રી અરૂણભાઈ બુચ, થર્મલ પાવર સ્ટેશનના ચીફ ઈજનેર શ્રી અધ્વર્યુએ ગાંધીનગર શહેરના જન્મ દિન નિમિત્તે નગરજનોને શુભકામનાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સુધીરભાઈ દેસાઈએ કર્યુ હતું. આભાર વિધિ થર્મલ પાવર સ્ટેશનના આસ્ટન્ટ ઈજનેર શ્રી ગામીતે કરી હતી.

આ -સંગે ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, ગાંધીનગરના અગ્રણી નાગરિક શ્રી નિશીતભાઈ વ્યાસ, મુકેશભાઈ પટેલ, કોપોર્રેટર શ્રી -વિણભાઈ પટેલ સહિત અનેક નાગરિકો ઉપસ્થિત રહયાં હતાં.

## સ્મશાનમાં વિનામૂલ્યે અંતિમક્રિયા થાય તેવી વ્યવસ્થા ગોઠવાશે : મેયર

મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણાએ પક્ષા-પક્ષીથી દૂર રહી નગર વિકાસમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. જયારે કોર્પોરેશન કક્ષાએથી પણ શહેરને સ્વચ્છ બનાવવાના અભિગમ સાથે આગામી દિવસોમાં નગરમાં ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવાનું આયોજન હાથ ધરાશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. નગરના જન્મદિન પ્રસંગે તેમણે શહેર વસાહત મહામંડળની રજૂઆતને અનુલક્ષી આગામી ટૂંક સમયમાં સ્મશાનમાં અંતિમ ક્રિયા તદન વિના મૂલ્યે થઈ શકશે તેવી ખાત્રી આપી હતી.

## સંકલનના અભાવે કામો ઝડપથી થતાં નથી : કલેકટર

નગરના જન્મદિનની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત જિલ્લા કલેકટર પી. સ્વરૂપે જણાવ્યું હતું કે નગર વિકાસના કામોની જવાબદારી કલેકટર, કોર્પોરેશન, ગુડા તેમજ માર્ગ મકાન વિભાગમાં વહેંચાયેલી હોવાથી યોગ્ય સંકલન મહત્વની બાબત છે. વિવિધ વિભાગોમાં સંકલનના અભાવે ઝડપી કામો થતા ન હોવાનું જણાવ્યું હતું. આ તબક્કે ગાંધીનગર સૌ કોઈનું છે તેવી લાગણી દાખવવા તેમજ નગર વિકાસમાં અવરોધરૂપ પરિબળોને ડામવા સંકલન મજબૂત બનાવવા જણાવ્યું હતું.

# વરસાદ ખેંચાતાં મધ્યમવર્ગીય સમાજ મોંઘવારીમાં પીસાય છે

ગાંધીનગર, તા, ૨

ગાંધીનગરના આસપાસ વરસાદ મન મુકીને વરસતો નથી. જેથી મોં ફાડીને મોંઘવારી આમ જનતાને પીસી રહી છે. ખાંડ ૪૦ રૂપિયે, ૩૦૦ કિલો ચા, દૂધનો ભાવ વધારો, પેટ્રોલ, ડિઝલ, ગેસનો ભાવવધારો સીંગતેલ, કપાસિયા તેલનો ભાવ વધી રહ્યા છે. આમ આદમીને મોંઘવારી ભરખી જાય છે. દરરોજ જીવન જરૂરી ચીજોના ભાવો વધે છે. મેઘરાજા રિસાયા છે. કોપાયમાન છે. મેઘરાજાને મનાવવા યજ્ઞો/પ્રાર્થના થાય છે. પીવાના પાણીની સમસ્યા ઊભી થાય તેમ છે. આ સ્થિતિમાં ચોરી, લૂંટફાટ, બળાત્કારના બનાવો વધવા લાગ્યા છે. રાજય નેતાઓને કોઈ ચિંતા નથી. મોંઘવારીને કાબુમાં લેવા કોઈ કાર્યવાહી થતી નથી. શાળાઓમાં ફી વધારો થતાં શિક્ષણ મોંઘુ થયું છે.

સંગઠનો આંદોલન કે સત્તાવાળાએ નમાવી રહ્યા છે. આરોગ્ય, સરકારી કર્મચારીઓ, મધ્યાહ્‌ન ભોજનના કર્મચારીઓ આંદોલન કરી રહ્યાં છે. પરંતુ આમ આદમી માટે કોઈ સંગઠન નથી. ઉપર આભને નીચે ધરતી છે. આમ આદમીને જીવન પસાર કરવું કઠીન છે. આત્મહત્યાઓ કરે છે, તો આ સ્થિતિમાં આમ આદમીને બચાવવાની જરૂરે છે.



## સુથાર સમાજ ગુજરાતના હોદ્દેદારોની વરણી કરવામાં આવી

સમગ્ર ગુજરાત તેમજ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનનું પ્રતિનિધિત્વ કરતી મેવાડા ગજ્જર, વૈસ્ય તેમજ પંચોળી સુથાર જ્ઞાતિજનોની વડોદરા ખઆતે બેઠક મળી હતી. જેમાં હોદ્દેદારોનાં પ્રમુખ તરીકે ઠાકોર મિસ્ત્રી, ઉપ પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ ગજ્જર, ઉપપ્રમુખ શ્રી ટી.એ. ગજ્જર, મંત્રીપદે શ્રી ચંદ્રકાન્ત એમ. મિસ્ત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ સંસ્થા ૧૯ વર્ષથી સુથાર જ્ઞાતિની તમામ પેટા જ્ઞાતિઓને એક છત્ર તળે સંગઠીત કરીને રાજય સ્તરે સુથાર જ્ઞાતિજનાનું મજબૂત સંગઠન ઊભું થયું છે. કેન્દ્રીય ઓ.બી.સી.માં સુથાર જ્ઞાતિનો સમાવેશ કરવા માટે રજૂઆત કરેલ છે. ચાલુ વર્ષે સંસ્થાએ યુવક યુવતીઓના પરિચય છપાવી, આ નવતર પ્રયોગને વ્યાપ સફળતા મળેલ છે. વિવિધ સમાજલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

# આજથી ગાંધીનગરમાં નારી ઉત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ અને ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી આગામી ૩ અને ૪ ઓગષ્ટના બપોરે ૨ થી ૫ માં બલરામ ભવન સેકટર-૧૨ ખાતે નારી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૩ જી ઓગષ્ટના રોજ તત્કાલ લેખન, આરતી, રંગોલી, એક પાત્રિય અભિયન અને એક મિનિટની સ્પર્ધાઓ ગોઠવેલ છે.

તા. ૪ થી ઓગષ્ટના રોજ મહેંદી, રસોઈ અને સંગીત ખુરશી જેવી સ્પર્ધાઓ રાખવામાં આવેલ છે. નારી ઉત્સવ સ્પર્ધામાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગરના પ્રમુખશ્રીમતી નીલમબેન કામદારે જણાવેલ છે.

વિશેષમાં ઉદ્‌ગમ સંસ્થાએ જણાવેલ છે કે નારી ઉત્સવમાં ભાગ લેવા માટેના ફોર્મ શ્રીમતી હંસાબેન જોષી, પ્લોટ નં. ૬૬૬/૧, સેકટર-૭બી, ફોન - ૨૩૨૩૦૮૭૬, શ્રીમતી મંદાબેન ધોળકિયા, પ્લોટ નં.૮૭૭, સેકટર-૨૯, ફોન - ૩૨૩૨૧૧૬૦, શ્રીમતી મંજુબેન ભલગામી એ., પ્લોટ નં. ૭૦, એમ.આઈ.જી, સેકટર-૩૦, નારી સંરક્ષણ ગૃહ, સેકટર-૧૨માં ફોર્મ ભરી શકાશે.

## સેકટર-૩/એ/ન્યુમાં જન્માષ્ટમી ઉજવાશે

ગાંધીનગર, તા. ૨

જય અંબે યુવક મંડળ તથા શિવશક્તિ પરિવાર તરફથી આ વર્ષે પણ આપતા સાથસહકારથી જન્માષ્ટમી પર્વની તા. ૧૦મી ઓગષ્ટે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે વસાહતીજને ફાળો તેમજ પ્રસાદી આપવાની ઈચ્છા હોય તો નોંધાવવા જણાવેલ છે.

વસાહતીઓના બાળકો દ્વારા પ્રસંગ અનુરૂપ સ્ટેજ પરફોર્મન્સ કરાવવાની ઈચ્છા ધરાવતાં હોય તો તા. ૫મી ઓગષ્ટ સુધીમાં નામ નોંધાવવા જણાવેલ છે. ભવ્ય રાસ-ગરબા પાર્ટી દ્વારા, ભગવાન કૃષ્ણ જન્મ, હિંડોળા દર્શન, ભવ્ય મટકી ફોડ કાર્યક્રમ યોજાશે. તેમ સંસ્થાએ જણાવેલ છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજનો વિદ્યાર્થી સન્માન સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા ધોરણ- ૧ થી ૯ના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ તાજેતરમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજની વાડીમાં યોજાઈ ગયો.

સૌરાષ્ટ્ર પટેલ સમાજના અગ્રણી અને મુકસેવક કુંવરજીભાઈ પટેલ આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે અને અતિથિ વિશેષ તરીકે સાહિત્યકાર શિવશંકરભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતાં. ધોરણ- ૧થી ૯ના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન પત્ર, રોકડ પુરસ્કાર અને બિસ્કીટનું પેકેટ શિવશંકરભાઈ દવેના વરદ હસ્તે એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

પ્રથમ, દ્વિતીય અને તૃતીય સિવાયના ૫ વિદ્યાર્થીઓને પણ રોકડ પુરસ્કાર પ્રોત્સાહક ઈનામ તરીકે આપવામાં આવ્યું હતું. પ્રોત્સાહક ઈનામો મુખ્ય મહેમાન કુંવરજીભાઈ પટેલ, એસ.ડી.આર. મલિક, જયંતભાઈ ભટ્ટ, સૂર્યકાન્તભાઈ બારોટ, સુમનભાઈ પટેલ, નિરંજનભાઈ ઓઝા, મંત્રી મુળજીભાઈ પરમાર, કાનજીભાઈ પટેલ અને રમેશભાઈ દવેના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. શિવશંકરભાઈ દવેએ ધોરણ-૮ અને ૯ના વિદ્યાર્થીઓને ઈનામો ઉપરાંત સ્વ ખર્ચે એક ડિક્ષનરી પણ આપી હતી. સંસ્થાના પાંચ ભાઈઓ દ્વારા ફંડ એકત્રિત કરીને ગીફટ પણ આપવામાં આવી હતી. અંતે આભારવિધિ જયંતભાઈ ભટ્ટે કરી હતી.

# રમઝાન માસ નિમિત્તે વિકલાંગ અને દીન મુસ્લિમ પરિવારોને ખાદ્ય સામગ્રીનું વિતરણ

ગાંધીનગર, તા. ૨

વિકલાંગ સહાય કેન્દ્ર અને ગુજરાત સાર્વજનિક વેલ્ફેર ટ્રસ્ટના ઉપક્રમે અમદાવાદ વટવા ખાતે પવિત્ર રમઝાન માસ નિમિત્તે વિકલાંગ અને ગરીબ મુસ્લિમ ભાઈ-બહેનોને એક માસ ચાલે તેટલી ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વિકલાંગ સહાયના પ્રમુખ બાબુભાઈ સાબુવાલા તેમજ વટવાના ઉદ્યોગપતિ મગનભાઈ પટેલ દ્વારા આ ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં ૨૫૦થી વધુ વિકલાંગ અને ગરીબ મુસ્લિમ ભાઈ-બહેનોને એક માસ ચાલે તેવી રસોડાની ખાદ્ય સામગ્રી જેમ કે આટો, ચોખા, બેસન, ખાંડ, ચા, તેલ, ખજૂર, મરચુ, સેવ, કસ્ટર્ડ અને શરબત સહિત રોકડ સહાય પણ આપવામાં આવી હતી. વધુમાં સંસ્થા દ્વારા વિકલાંગ ભાઈ-બહેનોને મેયર અસિત વોરા, મગનભાઈ પટેલ તેમજ બાબુભાઈ સાબુવાલાના હસ્તે ટ્રાઈસીકલ અને સ્વરોજગારીના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વટવાના ભાજપના પૂર્વ કોર્પોરેટર દેવેન્દ્રભાઈ ભટ્ટ, વટવાના મ્યુ. કોર્પોરેટર, ગૌરાંગ દરજી, નાગરિક સમિતિના મંત્રી મધુભાઈ શુકલ, સંસ્થાના ઉપપ્રમુખ એન.એન. સૈયદ, ટ્રસ્ટના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહી કોમી એખલાસનું દ્દષ્ટાંત પુરૂ પાડ્યું હતું.

# ગુડા દ્વારા વિવેકાનંદ વૃક્ષ સાથી યોજનાનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિકાસની સાથે પર્યાવરણની કાળજી રાખવાના ઉમદા આશયથી આજે ગાંધીનગર શહેરના જન્મદિન અને નારિયેળી પૂર્ણિમાના શુભ દિવસે સ્વામી વિવેકાનંદ વૃક્ષસાથી યોજનાનો આરંભ કરવામાં આવ્યો છે. ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારના હસ્તે આ યોજનાનો આરંભ રાયસણ ગામની સીમમાં સ્થિત -મુખ પાર્ક નજીક આજરોજ ૫૦૦ વૃક્ષો વાવીને કરવામાં આવ્યો હતો. આજના શુભ દિન નિમિત્તે ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારના હસ્તે ગુડા વિસ્તારમાં શરૂ થયેલ બસ સેવાના આધુનિક રૂપ વાળા પીક અપ સ્ટેન્ડને પણ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ -સંગે ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારે જણાવ્યું હતું કે, રાજયમાં કદાચ -થમ વખત કોઈ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આવી ઉમદા લોકાભિમુખ યોજના શરૂ કરવામાં આવી છે. વૃક્ષસાથી યોજના અંતર્ગત સત્તામંડળ દ્વારા નિયત કરેલ વૃક્ષ પૈકી આપે પસંદ કરેલ વૃક્ષના ઉછેર અને માવજત માટે દત્તક લેવા આહૂવાન કરવામાં આવ્યું છે. સત્તા મંડળ પણ આપની સાથે આ શુભ -યાસમાં જોડાઈ આ માટે -ત્યેક વૃક્ષ માટે આપને ટ્રી ગાર્ડ, વૃક્ષના રોપા તેમજ ખાતર ઉપલબ્ધ કરાવવામાં આવશે. આવી રીતે વૃક્ષ દત્તક લેનારને વૃક્ષસાથી તરીકે ઓળખવામાં આવશે. આ ઉપરાંત રોપાની નિયત ઉંચાઈ હાંસલ કર્યેથી ગુડા દ્વારા બીજા અને ચોથા વર્ષે આ -યત્નોને -ોત્સાહિત કરવાના -ોત્સાહક ઈનામ આપવામાં આવશે.

આ -સંગે ગુડાના વહીવટી અધિકારી શ્રી મમતા વર્મા, કાર્યપાલક ઈજનેર શ્રી જેઠવા, એ.એમ.સીના કોપોર્રેટર શ્રી -વિણભાઈ પટેલ, -મુખ પાર્કના અગ્રણી શ્રી જયંતભાઈ પટેલ, બિલ્ડર્સ શ્રી ડી.એસ.ચૌધરી, ગાંધીનગર એસ.ટી ડેપોના મેનેજર શ્રી સહિત -મુખ પાર્કના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.

# પેન્શનર્સ સમાજ સેક્ટર-૨ના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેક્ટર-૨માં નિવાસ કરતા પેન્શનર સભ્યોની બેઠક તાજેતરમાં સંસ્થાના પ્રવર મંત્રી નિરંજન ઓઝાના અધ્યક્ષસ્થાને તેમજ મંત્રી દીરજલાલ સંઘાણી, મંગળભાઈ ચૌહાણ તથા અમીધર જરદોશીની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં અનુપસ્થિત રહેનાર તેજસ્વી તારલાઓને ઘરે જઈ તેમને સન્માનીત કરવામાં આવ્યા હતા.

પ્રાર્થનાથી શરૂ થયેલી બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી ગત બેઠકમાં લેવાયેલા નિર્ણયોની સમીક્ષા કરવામાં આવી હતી. જુલાઈ માસમાં જે સભ્યોના જન્મ દિવસ આવ્યા તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વૈધરાજ ભાવીનભાઈ પટેલનો સંપર્ક સાધી ચિકિત્સા કેમ્પ કરવાનુ નક્કી કરવામાં આવ્યું હતું. વરસાદના વાતાવરણને લીધે હાજર ન રહી સકેલા તેજસ્વી વિદ્યાર્થીઓ મૌલિન જાદવ, દર્શન પંચાલ, કુ. પૂજા બાબુલાલ, તનાઝ જબીરહુસેન મનસુરીને ઘરે જઈ તેમના પરિવારજનોની હાજરીમાં સન્માન પત્ર અને રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા.

## લોક જનશક્તિ પાર્ટીના અધ્યક્ષ રામવિલાસ પાસવાન આવતીકાલે ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૨

લોક જનશક્તિ પાર્ટી અને દલિત સેનાનાં સંયુક્ત ઉપક્રમે ચૂંટણી મિશન - ૨૦૧૨ સત્તા પરિવર્તન મહાસંલેલન તા. ૪થી ઓગષ્ટ રોજ ટાઉનહૉલ ગાંધીનગર ખાતે સવારે રાખવામાં આવેલ છે.

લોક જનશક્તિ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી રામવિલાસ પાસવાનના અધ્યક્ષ સ્થાને યોજેલ છે. કર્મચારીના પ્રશ્નો હેલ્થવર્કરોના પ્રશ્નો દલિતોના પ્રશ્નોને વાચા આપવા સત્તા પરિવર્તન લાવવા ૧૮૨ બેઠકો પર ઉમેદવરો ઊભા રાખવા વ્યુહરચના નક્કી કરવામાં આવશે. ગુજરાતમાં લોજપા અને દલિત સેનાના પધાધિકારીઓ ઉપસ્થિત રહેશે. ગાંધીનગર જિલ્લા પ્રમુખ શ્રી બાબુભાઈ મેસરવાલાએ જણાવેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭

સૂર્યાસ્ત : ૭.૨૫

## તાપમાન

મહત્તમ : ૩૪.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૫૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

જીસ્મ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

જીસ્મ-૨ : ૧૦.૦૦

કયા સુપર કુલ હૈ હમ : ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૧૫

ટોટલ રીકલ(હિન્દી) : ૫.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૩ :

ટોટલ રીકલ (હિન્દી) : ૧૧.૩૦, ૧૦.૩૦

બોલ બચ્ચન : ૨.૦૦

કયા સુપર કુલ હૈ હમ : ૫.૦૦, ૭.૪૫

: સ્ક્રીન-૪ :

ફોર્મ સેન્ડી વીથ લવ : ૧૦.૦૦

યે મોહબ્બત હૈ : ૧૨.૪૫

જીસ્મ -૨ : ૩.૩૦

કૉકટેલ : ૭.૦૦

બોલ બચ્ચન : ૧૦.૦૦

આલાપ : ૫.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ટોટલ રીકલ(હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૩૦, ૧૦.૪૫

આઈસ એઝ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફટ (૩ડી) હિન્દી): ૧૧.૩૦, ૮.૪૫,

કિષ્ના ઔર કંસ ૩ડી : ૩.૪૫

: સ્ક્રીન-૨ :

જીસ્મ-૨ : ૧૦.૪૫

કયા સુપર કુલ હૈ હમ : ૧.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૧૫

: સ્ક્રીન-૩ :

જીસ્મ-૨ : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

કયા સુપર કુલ હૈ હમ : ૧૧.૩૦, ૫.૦૦

: સ્ક્રીન-૪ :

કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૦૦,

જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

### સૂર્યા, વાવોલ

જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા મુકેશભાઈ શુક્લ, બી-૧ ટાઈપ, સેકટર-૨૩ના નિવાસ સ્થાને શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી વિવિધ સ્કૂલ સ્ટેશનરી હિંડોળા.

## આપની આજ

**મેષ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ.

**વૃષભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

**કર્ક** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

**સિંહ** : જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા રૂપિયા આપને આજે મળી શકે છે.

**કન્યા** : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થશે.

**તુલા** : કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહિ.

**વૃશ્ચિક** : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે. જીવનસાથીના આરોગ્યનું ધ્યાન રાખવું.

**ધન** : ખાનપાનની અનિયમિતતાથી બચવું. નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

**મકર** : શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે. રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે.

**કુંભ** : તમારી વ્યવહાર કુશળતાથી વેપાર- વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે. ગ્રાહકોથી મધુર સંબંધો જળવાઈ રહેશે.

**મીન** : સ્નેહીજનથી મુલાકાત થઈ શકશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય. ધાર્મિક બાબતે રુચિ વધશે. કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રમણલાલ નટવરલાલ પટેલ (ઉ.વ.૭૨), બ્લોક નં.૭૨૪, આદર્શનગર, સેકટર-૨૪, ગાંધીનગર.